# સફલ અમદાવાદ હાફ મેરેથોનમાં શહેરના રનર્સ મેડલ મેળવી સફળ

## ગાંધીનગર રનર્સ ગ્રુપની ગૃહિણી મહિલા સદસ્ય ફાલ્ગુની ડોડીયાએ પ્રથમ વાર જ ભાગ લઈ ૨૧ કિ.મી. દોડ પૂર્ણ કરી ફિનીશરનો મેડલ મેળવ્યો

'રન અગેઈન્સ્ટ કરપ્શન' ના સ્લોગન સાથે રવિવાર દિનાંક ચાર ના રોજ બીસફલ અમદાવાદ હાફ મેરેથોનનું આયોજન થયું હતું. અમદાવાદના સુપર રનર લિહાસ ત્રિવેદીએ એન્ટી કરપ્શન બ્યૂરો અને અમદાવાદનું જાણીતું સફળ ગ્રુપે મળીને અમદાવાદના લગભગ સાત હજાર દોડવીરોને ભાગ લેવડાવ્યો હતો.

ગાંધીનગર રનર્સ ગ્રુપના સંજય થોરાત, મયુર થાનકી, રાજવીરસિંહ ચાવડા, આલોક પાલ અને ફાલ્ગુની ડોડીયાએ ૨૧.૦૯૭ કી.મી.ની હાફ મેરેથોનમાં ભાગ લઈ નિયત સમયમાં દોડ પૂર્ણ કરી ફિનીશરનો મેડલ મેળવ્યો હતો. આ સ્પર્ધામાં હાફ મેરેથોનમાં ૧૫૦૦થી વધુ અને અન્ય પાંચ અને દસ કિમીની સ્પર્ધામાં છ હજારથી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ મેરેથોનની વિશેષતા એ રહી કે લગભગ ૫૦ ટકા મહિલા દોડવીરોએ આમાં ભાગ લીધો હતો. ગાંધીનગર રનર્સ ગ્રુપના સભ્ય દિલીપસિંહ ડોડીયાના પત્ની ફાલ્ગુની ડોડીયા કે જેઓ ગૃહિણી છે એમણે માત્ર બે મહિનાની સખત મહેનતથી આ ધ્યેયને હાંસલ કર્યો છે. ગૃહિણી નારી પણ સંસારની, બળકની જવાબદારી સાથે આવી સફળતા હાંસલ કરી શકે છે એવો એમણે શ્રેષ્ઠ દાખલો બેસાડયો છે.

ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાત અને ગાંધીનગર રનર્સ ગ્રુપના કોઓર્ડિનેટર મયુર થાનકીની આ સળંગ છઠ્ઠી હાફ મેરેથોન હતી. આવતા મહિને યોજાનાર અમદાવાદ સાબરમતી મેરેથોનમાં ગાંધીનગર રનર્સ ગ્રુપના ૨૨ સભ્યો ભાગ લેવા જઈ રહ્યા છે ત્યારે શહેર એમના વિશે ગૌરવ અનુભવે છે અને શુભેચ્છા પાઠવે છે.

# વાયબ્રન્ટ સમિટમાં 'ગિફ્ટસિટી'ને ભારત સરકારના 'સ્માર્ટ સિટી'નો ટેગ લાગશે

## બીજા તબક્કામાં રૂપિયા ૭૬૯૬ કરોડનું રોકાણ થવાની ધારણા : ૨૦૦૦ ફાયનાન્સ લિડરોની નજર આ સિટી ઉપર કેન્દ્રિત થશે

(ગૌતમ પુરોહિત) ગાંધીનગર, તા.૫

એક લાખ કરોડનું સંભવિત મૂડીરોકાણ ધરાવતી ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક-ગિફ્ટ સિટી એ ભારત સરકાર માટે સ્માર્ટ સિટીનો પ્રથમ પ્રોજેક્ટ બન્યો છે. ગુજરાત વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં દેશ-વિદેશના મહાનુભાવોની હાજરીમાં ભારત સરકાર આ પ્રોજેક્ટને ઈન્ડિયાના ફર્સ્ટ સ્માર્ટ સિટી તરીકે ઘોષિત કરે તેવી સંભાવના છે. ગિફ્ટ સિટીને ભારત સરકારનું લેબલ લાગી જતાં તેના સંપૂર્ણ ડેવલપમેન્ટ માટે હવે કોઈ કચાશ કે વિલંબ રહેશે નહી.

ગુજરાત સરકારે, ખાસ કરીને તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ ૨૦૦૭માં વાયબ્રન્ટ સમિટમાં ગિફ્ટ સિટી પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. ભારત સરકારના ફાયનાન્સ મિનિસ્ટર અરૂણ જેટલી આ પ્રોજેક્ટને ફાયનાન્સિંગ ફોર ફ્યુચર ગ્રોથ તરીકે જોઈ રહ્યા છે.

વિશ્વમાં પેરિસનું લા ડિફેન્સ, ટોક્યોનું શ્રીજુકા, લંડનનું ડોકયાર્ડ અને ચાઈનાનું લિજુઆઝુઈ એ ફાયનાન્સિયલ સિટી તરીકે ડેવલપ થયેલા છે. ગુજરાતમાં ફાયનાન્સિયલ સિટીનું લોકેશન ગાંધીનગર પાસેની સાબરમતી નદી છે. આ સિટીને સિગ્નેચર બ્રીજથી ગાંધીનગર સાથે જોડવામાં આવશે તેમજ આ સિટીમાં બીઆરટીએસ તેમજ મેટ્રોરેલનું પણ સરકારે આયોજન કર્યું છે.

વાયબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત રહેનારા મહાનુભાવો તેમજ ઉદ્યોગજૂથોમાં ૨૦૦૦ જેટલા લિડર્સ ફાયનાન્સ સેક્ટરમાંથી આવવાના છે ત્યારે તેઓ ગિફ્ટ સિટી સાથે વિવિધ પ્રોજેક્ટ્સ સાઈન કરે તેવી સંભાવના ઉદ્યોગ વિભાગે વ્યક્ત કરી છે.

ગિફ્ટ સિટીનો પહેલો તબક્કો પૂર્ણ થયો છે. રાજય સરકારે બે ટાવર ઉભા કર્યા છે. આ પ્રોજેક્ટમાં અત્યાર સુધી ૧૮૧૮ કરોડનો ખર્ચ થયો છે. બીજા તબક્કામાં ૧૫ થી ૨૦ મલ્ટી સ્ટોરિયેડ બિલ્ડીંગ્સ બનાવવાના થાય છે. બીજા ફેઈઝમાં કુલ ૭૬૯૬ કરોડનો ખર્ચ થશે. ગિફ્ટ સિટીમાં હાલ અત્યાધુનિક હોસ્પિટલ તેમજ ઈન્ટરનેશનલ કક્ષાની એક સ્કૂલનું કામકાજ ચાલી રહ્યું છે.

આ સિટીને ગ્રીન સિટીનું બિરૂદ આપવામાં આવ્યું છે તેથી ત્યાં પ્લાસ્ટિક ફ્રી તેમજ ક્લિન-ગ્રીન એનર્જીનો કન્સેપ્ટ સ્વિકારવામાં આવ્યો છે. હાલ સિગ્નેચર બ્રીજ માટેનું કામ ગતિમાં છે જેને બે વર્ષમાં પૂર્ણ કરવાનો સરકારનો ઈરાદો છે. બીજી તરફ ગિફ્ટ સિટીને અમદાવાદના આંતરરાષ્ટ્રીય હવાઈ મથક સાથે જોડવાનો પ્લાન પણ ગતિમાં હોવાનું કહેવાય છે.

# આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં દેશ વિદેશના ૩૮૮ પતંગબાજો ભાગ લેશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર, તા. પરાજ્યમાં આ વર્ષે યોજાનાર આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં અંદાજે ૩૮૮ જેટલા પતંગવીરો સ્પર્ધામાં ભાગ લેનાર છે. જેમાં ૧૫૦ જેટલા પતંગવીરો વિદેશી છે એમ રાજ્યના પ્રવાસન મંત્રીએ જણાવ્યું હતું.

રાજ્યના પ્રવાસન મંત્રી સૌરભભાઈ પટેલે ૭મી જાન્યુઆરીથી ૧૪મી જાન્યુઆરી દરમ્યાન યોજાનારા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, ૨૭મો આંતર રાષ્ટ્રીય પતંગોત્સવ રાજ્યમાં ૭મી જાન્યુઆરીથી ૧૪મી જાન્યુઆરી સુધી યોજાશે.

૮મી જાન્યુઆરીએ વડોદરા ખાતે ૧૦ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન અમદાવાદમાં ૧૩મી જાન્યુઆરીએ રાજકોટમાં સુરતમાં અને ૧૪મી જાન્યુઆરીએ અમદાવાદની પોળ વિસ્તારમાં પતંગ મહોત્સવ યોજાશે.

વર્ષ-૨૦૧૨-૧૩માં ૨૫૪.૦૯ લાખ પ્રવાસીઓની સામે વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રવાસીઓની સંખ્યા વધીને ૨૮૭.૮૮ લાખ થયેલ છે. એમ જણાવીને તેમણે ઉમેર્યુ હતું કે આ પતંગ મહોત્સવમાં વિશ્વના ૨૯ દેશ અને ૧૦ રાજ્યના લોકો સાથે મળીને ઉજવણી કરશે. ૨૦૧૪માં ૨૭ દેશના ૪૩ પતંગબાજ અને ૧૧ રાજ્યના ૯૫ પતંગબાજોએ ભાગ લીધો હતો. ૨૦૧૪માં દેશ વિદેશના કુલ ૧૩૮ પતંગબાજોએ ભાગ લીધો હતો. આ વર્ષે વિદેશના ૧૫૦ પતંગબાજો અને રાજ્યના કુલ ૨૨૮ મળી કુલ ૩૮૮ પતંગબાજો ભાગ લેશે. આ પતંગ મહોત્સવ દરમ્યાન કાઈટ વર્કશોપ, એડવેન્ચર ઝોન, ફુડ સ્ટોલ, ક્રાફ્ટ બજાર પણ યોજાનાર છે.

# ગાંધીનગરના માર્ગો પર વાહનોની અવર-જવર જોગ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના આંગણે આગામી તા. ૭ થી ૯મી જાન્યુઆરી, ૨૦૧૪ દરમ્યાન -વાસી ભારતીય દિવસ-૨૦૧૫ અને તા. ૧૧ થી ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૪ દરમ્યાન સાતમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ- ૨૦૧૫ મહાત્મા મંદિર સેકટર-૧૩, ગાંધીનગર ખાતે યોજાનાર છે.

આ બન્ને કાર્યક્રમો દરમ્યાન ગાંધીનગરમાં ભારતા માન. રાષ્ટ્રપતિશ્રી, માન. વડા-ધ્યાનશ્રી, વિવિધ રાજયનો મુખ્યમંત્રીશ્રીઓ, દેશ-વિદેશના રાજકીય મહાનુભાવો, કેન્દ્ર તથા રાજયના મંત્રીશ્રીઓ, ઉદ્યોગપતિઓ અને સરકારી પદાધિકારીશ્રીઓ તથા એન.આર.આઈ સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે. તેમજ ભારતના માન. વડા-ધ્યાનશ્રી રાજભવન ખાતે રાત્રિ રોકાણ કરવાના છે. જેથી રાજભવનને અડીને આવેલ જ રોડ ઉપરથી સ્થાનિક રહીશોના વાહનો, -વાસી ભારતીય દિવસ અને ગુજરાત વાયબ્રન્ટ સમીટના આમંત્રિતોના વાહનો, સરકારી વાહનો અને ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારીશ્રીઓના ખાનગી વાહનો સિવાયના તમામ ખાનગી વાહનોની અવર-જવર ઉપર તા. ૦૭ થી ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૪ દરમ્યાન જિલ્લા કલેકટરશ્રીએ જાહેરનામુ બહાર પાડીને -તિબંધ ફરમાવ્યો છે.

તે ઉપરાંત તા. ૦૭ થી ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૪ સુધી ખ-૦ થી ખ-૫ સુધીનો અને ગ-૦ થી ગ-૫ સુધીનો માર્ગ પણ સ્થાનિક રહીશોના વાહનો, -વાસી ભારતીય દિવસ અને ગુજરાત વાયબ્રન્ટ સમીટના આમંત્રિતોના વાહનો, સરકારી વાહનો અને ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારીશ્રીઓના ખાનગી વાહનો સિવાયના તમામ ખાનગી વાહનોની અવર-જવર ઉપર પણ જિલ્લા કલેકટરશ્રીએ -તિબંધ ફરમાવ્યો છે.

તેમજ તા.૦૭ થી ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૪ સુધી સેકટર-૧૭, હેલીપેડ ખાતે એકઝીબીશન યોજાનાર છે. જેમાં ભારતના માન. વડા-ધ્યાનશ્રી તેમજ આમંત્રિત મહેમાનશ્રીઓ ઉપસ્થિત રહેવાના છે. જેથી ઘ-રોડ પર ઘ-૩ થી ઘ-૫ સુધીના માર્ગ તારીખ ૦૭ થી ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૪ દરમ્યાન સ્થાનિક રહીશોના વાહનો, -વાસી ભારતીય દિવસ અને ગુજરાત વાયબ્રન્ટ સમીટના આમંત્રિતોના વાહનો, સરકારી વાહનો અને ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારીશ્રીઓના ખાનગી વાહનો સિવાયના તમામ ખાનગી વાહનોની અવર-જવર ઉપર પણ જિલ્લા કલેકટરશ્રી દ્વારા જાહેરનામુ બહારપાડીને -તિબંધ ફરમાવવામાં આવ્યો છે.

# દિયોદર માર્ગ પર કાર પલ્ટી ખાતા અકસ્માત

શિહોરી-દિયોદર માર્ગ પર વહેલી સવારે દિયોદર તરફથી આવતી કારના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાર પલ્ટી ખાઈ ગઈ હતી અને બે-ત્રણ ગુલાંટ મારી માર્ગ પાસે ફંગોળાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જો કે કારચાલકનો આબાદ બચાવ થયો હતો. શિહોરી-દિયોદર માર્ગ પર આજે વહેલી સવારે દિયોદર તરફથી સુરેશભાઈ શાહ અને કિર્તીલાલ શાહ કાર નં. જીજે-૧-બી.આર.-૧૦૮૬ લઈ પસાર થઈ રહ્યા હતા. ત્યારે માર્ગ પર કારચાલક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાર અચાનક જ પલ્ટી ખાઈ જતા ફંગોળાઈ કાર માર્ગની બાજુ જઈને પડી હતી. અકસ્માત સર્જાયો હતો. જેમાં બન્ને કાર સવારને નાના-મોટી ઈજાઓ થતા સારવાર અર્થે પાટણ ખસેડવામાં આવ્યા હતા. જો કે આ અકસ્માતમાં બન્ને કાર સવારોનો આબાદ બચાવ થયો હતો.

# ધોળાવીરા ખાતે ફેબ્રુઆરીમાં રન ધ રણ સ્પોર્ટ્સ ઈવેન્ટ થશે

## ૬થી ૯ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર ડેઝર્ટ અલ્ટ્રા ટ્રેલ દોડમાં દેશ-વિદેશના ૧૫૦થી વધુ રમતવીરો ભાગ લેશે

ગાંધીનગર, તા. ૫

ઉત્સવ અને ઉજવણી માટે જાણીતા પ્રવાસન વિભાગે રણને જીવંત બનાવ્યું છે એ પછી રણ ઉત્સવની વાત હોય કે રન ધ રણની વાત હોય. સ્વર્ણિમ સંકુલ ખાતેના તાપી હોલમાં રન દ રણ અંગે યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સે રાજ્યના પ્રવાસનમંત્રી સૌરભ પટેલે પત્રકારોને માહિતી આપી હતી. આ પ્રસંગે રાજ્યના પ્રવાસન મંત્રી જયેશ રાદડિયા, ટુરીઝમ સેક્રેટરી સોનલ મિશ્રો પ્રવાસન કમિશનર તથા નિગમના એમડી સંજય કૌલ હાજર રહ્યા હતા. રન દ રણ આગામી છઠ્ઠીથી નવમી ફેબ્રુઆરી-૨૦૧૫ દરમિયાન યોજાનારો કાર્યક્રમ એ ભારતની સૌપ્રથમ ડેઝર્ટ અલ્ટ્રા ટ્રેલે દોડ છે. જે ગુજરાતમાં ધોળાવિરા ખાતે આવેલા કચ્છના મોટારણમાં યોજાય છે. પર્યટનવિભાગ, ગુજરાત સરકાર તથા ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાતે આ રેસને સહયોગે જાહેર કર્યો છે. આ એક આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ ઈવેન્ટ છે જેમાં દેશ-વિદેશના આશરે ૧૫૦થી વધુ રમતવીરો ઉપરાંત પત્રકારો અને રમતના ચાહકો ભાગ લેશે. કચ્છમાં આવેલ રમણીય ખદીર બેટમાં સ્થિત ધોળાવીરાએ એક ઐતિહાસિકે શહેર છે અને પુરાતત્વનો વિપુલ ખજાનો ધરાવે છે. જેની દંતકથાઓ અને રહસ્યો તેની સુંદરતામાં વધારો કરે છે. સિંધુખીણ સંસ્કૃતિના છઠ્ઠા સૌથી મોટાનગર તરીકેપ્રસિદ્ધ ધોળાવીરા શહેર ઈજિપ્શિયન પિરામિડ કરતા પણ વધુ પ્રાચીન છે. જે પ્રાચીન સમયમાં પાંગરેલી શિસ્તબદ્ધ શહેરી જીવન સંસ્કૃતિના અવશેષો દર્શાવે છે. કુદરતી સૌંદર્ય ધરાવતું ધોળાવીરા એડવેન્ચર સ્પોર્ટ્સ માટે દેશના સૌથી આદર્શ સ્થળો પૈકીનું એક છે. આ રેસમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વિવિધ પર્યટને સ્થલોને આગવી ઓળખ સાથે વિકસાવી તેમને પ્રોત્સાહન આપવાના વિઝનને અનુરુપ છે. ધોળાવીરા એ એક એવું સ્થળ છે જ્યાં સ્પોર્ટ ટુરિઝમ અને ઈકો-ટુરિઝમ બંને રન દ રણ જેવી સાહસિક રમતોના આયોજન દ્વારા વિકસાવી શકાય તેમ છે. આ ઈવેન્ટની બીજી આવૃત્તિની સાથે ધોળોવીરા અને ગુજરાત બંને સાહસિક રમતો તથા પર્યટન માટે વિશ્વના આદર્શ સ્થળ તરીકે ઝડપથી ઉભરી રહ્યા છે. રન દ રણ એ એક અલ્ટ્રોટેઈલ ફૂટ રેસ છે. રન દ રણની પ્રથમ આવૃત્તિમાં ત્રણ રેસ હતી. જેમાં ૨૧ કિમી, ૪૨ કિમી અને ૧૦૧ કિમીની રેસનું આયોજન કરાયું હતું જ્યારે બીજી આવૃત્તિમાં ૧૬૧ કિમી (૧૦૦ માઈલ્સ)નો સમાવેશ કરાયો છે. આ સેગમેન્ટ સમગ્ર ખદીર બેટ ટાપુને આવરી લેશે. ૧૦૧ કિમી અને ૧૬૧ કિમી રેસ જીપીએસ નેવિગેટેડ રેસ રહેશે જેથી આ રુટ પર કોઈ માર્ગ ચિન્હો નહીં મકુવામાં આવે. દોડવીરોએ તેમની સમજ અનુભવ અને ટેકનોલોજીના આધારે જ આ રેસ પુરી કરવાની રહેશે. સ્પર્ધામાં ભાગ લેનારાઓમાં દેશ-વિદેશના એમેચ્યોર અને પ્રોફેશનલ દોડવીરો એમ બંનેનો સમાવેશળ થાય છે. સ્પર્ધાના વિવિધ ગેસમેન્ટમાં ભાગ લેવા માટે વિશ્વના અગ્રણી અને જાણીતા દોડવીરોએ પોતાનું નામ નોંધાવ્યું છે. આ ઉપરાંત ભારતીય સશસ્ત્ર દળ અને અર્ધસૈનિક દળો (બીએસએફ), ભારતી એરફોર્સ તથા નેશનલ સિક્યુરિટી ગાર્ડના સભ્યો પણ તેમાં ભાગ લેશે. આ સ્પર્ધાના રેસ ડિરેક્ટર ગેલ ફ્રુટુરિયર છે જેઓ મુળ ફ્રાંસના છે અને અનુભવી અલ્ટ્રા ટ્રેઈલરનર અને શક્તિશાળી રમતવીર છે. આ સ્પર્ધાનું આયોજન અપહીલ ઈએમજી દ્વારા અને સહઆયોજન કન્ફડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી દ્વારા કરાઈ રહ્યું છે. તેમને વિવિધ કોર્પોરેટ ગૃહો તરફથી સહયોગ સાંપડ્યો છે જેમાં ગારમિન, રેઈડલાઈટ, રનિંગ મંકી, રાઈટ બાઈટ, ડેકાથેલોન, યંગ ઈન્ડિયન્સ, અમદાવાદ ડિસ્ટન્સ રનર્સ એસોસિએશન વગેરેનો સમાવેશ થાય છે જેઓ ભારતની આ સૌથી અનોખી ફૂટ રેસને સાથે મળીને સફળ બનાવશે.

# માઈક્રો, લઘુ તેમજ મધ્યમ ઉદ્યોગોને સહાયની વણઝાર

ગાંધીનગર, તા. ૫

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈનવેસ્ટર્સ સમિટ-૨૦૧૫ દરમિયાન ગુજરાત રાજ્યમાં માઈક્રો-લઘુ અને મધ્યમ ઉદ્યોગોની વિકાસ દોડ ઓર તેજ બને તે માટે રાજ્ય સરાકરે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના માર્ગદર્શનમાં નવી ઔદ્યોગિક નીતિ ૨૦૧૫માં ખાસ પ્રોત્સાહનો આપ્યા છે. રાજ્યના નાણા અને ઉર્જામંત્રી સૌરભ પટેલે એમએસએમઈની વિકાસકૂચ વધુ ઝડપી બનશે. એટલું જ નહીં નવા પ્રોત્સાહનોના કારણએ રાજ્યમાં નવા એમએસએમઈની સ્થાપના વધુ સરળ અને પ્રોત્સાહક બની રહેશે. ગુજરાત રાજ્ય માઈક્રો, લઘુ અને મધ્યમ એકમોથી સમૃદ્ધ છે ત્યારે નવી નીતિના પ્રોત્સાહનોનો એમએસએમઈ માટે નું બળ પ્રદાન કરશે. રાજયમાં કુલ એમએસએમઈમાંથી ૧૭૬૦૬૦ એમએસએમઈ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નોંધાયેલા છે જેમાં કુલ રૂપિયા ૭૧૧૦૫ કરોડનું મૂડીરોકાણ થયું છે અને અંદાજે ૧૮ લાખ જેટલી વ્યક્તિઓને રોજગારી પુરી પાડો છે. ત્યારે આવા એકમોને પ્રોત્સાહન સહાય મળવાથી ગુજરાત ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનશે. અનએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેક ઈન ઈન્ડિયાના સપનાને સાકાર કરવા ગુજરાત અગ્રેસર રહેશે તેમ પણ મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું.

## ફૂલોથી સજાવાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિવાઈડરો પર તો મહાત્મા મંદિર ના જે એન્ટ્રી પોઈન્ટ છે ત્યાં વિશેષ ડિઝાઈનો સાથે તેને ગોઠવી ફૂલોની ફોરમ પ્રસરાવવામાં આવશે.

વાયબ્રન્ટ સમીટ ૨૦૧૫ના કન્વેનશ સેન્ટર પાસે અદભુત રંગોળીઓ પણ કરવામાં આવનાર છે અને તેમાં પણ વૈવિધ્યતાઓ હશે. મળતી વિગતો પ્રમાણે આ માટેની તૈયારીઓ થઈ ગઈ છે. ખાસ કરીને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી તેમજ વાયબ્રન્ટ દરમિયાન રોજે રોજ અલગ અલગ રંગોળીઓ કરવામાં આવશે. જેમાં આતિથ્ય સત્કાર અને ભારતીય પરંપરાઓ દર્શાવવામાં આવશે.

મહાત્મા મંદિર અને ગાંધી ગાર્ડન તેમજ દાંડી કુટિરની ચો તરફ ફુલોના કુંડાઓ મુકવામાં આવશે. સેન્ટ્રલ વિસ્ટાને પણ વિશેષ લાઈટસ ઈફેકટસથી સજાવવામાં આવશે. સેન્ટ્રલ વિસ્ટામાં ડાન્સીંગ ફુવારાઓ તો મહાત્મા મંદિરને ફુલછોડથી સજાવી ગ્રીન ગાંધીનગરની એક અનોખી અનુભૂતિ આ તમામ ડેલિગેટસને કરાવવામાં આવશે.

સેન્ટ્રલ વિસ્ટામાં પણ અનોખું લેન્ડ સ્કેપીંગ કરવામાં આવ્યું છે. જેમાં બે તળાવ આકાર જે કુદરતી મળ્યા છે તેનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો છે.

જે ફૂલોથી મહાત્મા મંદિરની ફૂટપાથ અને દાંડી કુટિરના માર્ગ પર પીટુનિયા, દાહેનીયા, ગજેનીયા, મેરી ગોલ્ડ, પાન્સેરીયા, ઓર્નોમેન્ટલ ફલાવર્સ પ્લાન્ટ તેમજ પામના જુદી જુદી વેરાયટીઓથી વિશેષ રીતે સજાવવામાં આવેલ છે. ખ રોડનો ભાગ તો અદભુત નજરાણું બનશે.

જો કે ગાંધી ગાર્ડન અને સેન્ટ્રલ વિષ્ટાને જોડતા માર્ગને પણ સજાવવામાં આવી રહ્યો છે.

**રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના**
**જળ અને સ્વચ્છતા સમિતિ - વેળાવાપુરા, તાલુકો - ડીસા**

વેળાવાપુરા મુકામે સ્વજલધારા યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો જળ અને સ્વચ્છતા સમિતિ, વેળાવાપુરા દ્વારા તા. ૧૦/૧/૨૦૧૫ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૧૭/૧/૨૦૧૫ સુધીમાં જળ અને સ્વચ્છતા સમિતિ -વેળાવાપુરા, તાલુકો - ડીસાને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું ઓડીટ બાદ ચુકવણું કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર અધ્યક્ષશ્રી / યુનિટ મેનેજરશ્રીનો રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

| અ. નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) શ્રેણી |
|---|---|---|
| ૧ | વેળાવાપુરા, તા. ડીસા સ્વજલધારા યોજના હેઠળ પાઈપલાઈનનું કામ | ૧) રૂ. ૪,૯૯,૭૯૦.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ કલાસ તથા ઉપર |
| ૨ | વેળાવાપુરા, તા. ડીસા સ્વજલધારા યોજના હેઠળ હવાડાનું કામ | ૧) રૂ. ૨,૦૮,૬૦૦.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ કલાસ તથા ઉપર |

કમાંક : નામાનિ/પાલન/૪૭૦/૨૦૧૪-૨૦૧૫

## શબ્દાવલી - ૫૬૦૯



### આડી ચાવી

૧. હાહાકાર, આતંક (૪)
૫. થી ભરપૂર, ભરેલું (૩)
૮. ટટળવું (૫)
૯. મોંના લકવાના કારણે દર્દીને બોલવામાં... વળે (૨)
૧૦. 'દ્યમ' શબ્દ ઊંધો (૨)
૧૨. વાંદરો, મર્કટ (૩)
૧૩. સૂક્ષ્મ (૩)
૧૫. હરસનું દરદ (૨)
૧૬. એક જ્ઞાતિ, રબારી (૪)
૧૭. ઇશ્વર, ભગવાન (૨)
૧૯. ગારૂડી, સાપનો ખેલ બતાવનાર (૩)
૨૦. એક રૂપિયોને પચ્ચીસ પૈસા એટલે.... રૂપિયો થાય (૨)
૨૨. ભભકો, સુંદર દેખાવ (૩)
૨૩. મનની મરજી, અધિકાર-સત્તા (૪)

### ઊભી ચાવી

૧. હવાલદાર (૪)
૨. ખેતર ખેડવા... વપરાય (૨)
૩. ફરિયાદ (૨)
૪. જડવું, મિલન થવું (૩)
૬. ભલુ કરવાની વૃત્તિ (૬)
૭. કણી-કણીવાળુ રવા જેવું (૪)
૧૧. પરિવારને લગતું (૪)
૧૨. ડાબુ પડખું,.... કુક્ષી (૨)
૧૩. જેમાં માલ ભર્યો હોય તે ખાલીપાત્ર કે બાંધણ (૪)
૧૪. કમર (૨)
૧૬. ભ્રમર (૩)
૧૮. ધીરધાર કરનાર પેઢી (૩)
૨૦. સાજુ..., રીપેર કરેલું (૨)
૨૧. વર્ણ, રંગ (૨)

### શબ્દાવલી ૫૬૦૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) અપરમાર (૫) નિકાહ (૭) રૂસવાઇ (૮) નકદ (૧૦) આશા (૧૧) ફરાસ (૧૨) યસ (૧૪) બાન (૧૫) રોબો (૧૭) લાપોટા (૨૦) ચમક (૨૧) રાધા (૨૨) પીતળ (૨૩) માણસાઇ

**ઊભી ચાવી :-** (૧) અરૂણોદય (૨) પસ (૩) રવાનગી (૪) માઇક (૫) નિમ (૬) હતાશા (૯) દફન (૧૦) આસરો (૧૩) સલામત (૧૪) બાટ (૧૬) બોનસાઇ (૧૮) પોકળ (૧૯) અંધાણ (૨૦) ચપી (૨૧) રામા

## દુઃખદ અવસાન

ડાહ્યાલાલ નાથાલાલ શાહનું તા. ૪થી જાન્યુઆરી-૨૦૧૫ના રોજ ગાંધીનગર ખાતે દુઃખદ અવસાન થવા પામ્યું છે. સદ્ગતનું બેસણું તા. ૬ઠ્ઠી જાન્યુઆરી મંગળવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ વાગ્યા દરમ્યાન સેક્ટર-૨૨માં જૈન દેરાસર પાસે આવેલ વિવિધલક્ષી હોલ ખાતે રાખવામાં આવ્યું છે.

## સર્કલોનું લોકાર્પણ ● અનુસંધાન પહેલાનું ચાલુ

હેતુસર ખ-૩ના સત્ય સર્કલ પર પૂ. બાપુના ચશ્માનું પ્રતિક મુકવામાં આવ્યુ છે અને તેમાં સ્વચ્છતાનો સંદેશ હશે. ગ-૩ ના સર્કલ પર ફાઉન્ડેશન મુકવામાં આવશે.

સંગીત સર્કલ અને અન્ય સર્કલોની સફાઈ તેમજ તેને વિકસાવવાની કામગીરી હાલ ગતિમાં છે. જો કે તેના લોકાર્પણ વાયબ્રન્ટ સમીટ બાદ કરવામાં આવશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરના વિવિધ સર્કલોને નવેસરથી તૈયાર કરવામાં આવી રહ્યા છે. ચ-૩ના સર્કલ પરની થીમ પણ બદલવામાં ાઆવી છે.

ગ-૩ ના સર્કલ પર ફાઉન્ટેઈન મુકી પંચશક્તિની એક શક્તિ જળશક્તિ તેમજ ડ્રીપ ઈરીગેશનના ફાયદાનો સંદેશ પહોંચાડવાનો હેતુ હોવાનું મનપાના સૂત્રોએ જણાવ્યું છે.

## ફુવારાની રોનક ...● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવી મેટર ફાઉન્ટેઈન ફીટ કરવામાં આવશે. જયારે ફુવારાની ફરતે વિવિધ રમતગમત સંબંધિત પરિસ્થિતિઓનું નિર્માણ કરવામાં આવશે. દોડવીરોની પ્રતિકૃતિ રૂપે ઈમ્યુઝન બનાવવા પણ વિચારણા ચાલી રહી છે. ચ-૩ સર્કલને નવી થીમ આધારિત વિકસાવવા અડધા કરોડનો ખર્ચ કરવામાં આવશે. શહેરમાં ચ-૩ ઉપરાંત ગ-૫, ખ-૫ સહીત નવા સર્કલો પણ વિકસાવવાનું કામ ચાલી રહ્યું છે. જેના અંતે સર્કલોની નગરી તરીકે ઓળખાતા નગરની ઓળખ વધુ ભપકાદાર બનશે.

ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર...

**ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી. દ્વારા ગાંધીનગરની જનતાની સેવામાં સરકારશ્રી માન્ય LPG ગેસ કનેક્શન ઉપર આપવામાં આવતી સબસીડી માટે "0" બેલેન્સથી ખાતુ ખોલાવવા માટે સરળ અને ઝડપી સુવિધા ઉપલબ્ધ**

ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી. જૂનાગઢ દ્વારા ગાંધીનગરની શાખામાં જાહેર જનતાની સેવા અને સુવિધા માટે અમો બેંકને NPCIની માન્યતા મળેલ હોય ભારત સરકાર દ્વારા 